## મોડાસાના ડીપ વિસ્તારના મુખ્ય માર્ગ પર અજાણ્યા વાહનની ટક્કરે

# વીજ પોલ ધરાશાયી થતા ત્રણ કલાક ટ્રાફીક જામ

### અકસ્માતે સ્ટ્રીટલાઈટનો વીજપોલ તુટીને રસ્તા વચ્ચોવચ પડતા રાત્રીથી વહેલી સવાર સુધી વાહનચાલકો પરેશાન

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ડીપ વિસ્તારમાં ગુરૂવારની રાત્રીએ કોઈ અજાણ્યા વાહનની ટક્કરે સ્ટ્રીટલાઈટનો પોલ તુટી પડીને રસ્તા વચ્ચોવચ્ચ પડી જતાં વાહનચાલકોને ભારે હાલાકી વેઠવી પડી હતી.

ગુરૂવારના રોજ રાત્રીના સમયે મોડાસા શહેરમાં આવેલ ડીપ વિસ્તારમાં રસ્તા વચ્ચે બનાવેલ રોડ ડીવાઈડરમાં લાગેલો સ્ટ્રીટલાઈટના વીજપોલને કોઈ અજાણ્યા વાહનચાલકે ટક્કર મારતા આ પોલ ધરાશાઈ થઈ રોડની એક સાઈડે વચોવચ આડો પડી ગયો હતો. જેથી રાત્રીથી સવારે અગિયારેક વાગ્યા સુધી રોડની એક તરફની લાઈ બંધ થઈ જતા વાહનચાલકોને ભારે હાલાકી વેઠવી પડી હતી.



દરમિયાન આ ઘટનાની જાણ તંત્રને થતા ત્રણ કલાકની જહેમત બાદ આ પોલને હટાવાયો હતો અને વાહનવ્યવહાર રાબેતા મુજબ કરાવાયો હતો. રાત્રી દરમિયાન શહેરમાં મોટા વાહનચાલકો પુરપાટ ઝડપે વાહન હંકારી અવારનવાર આવા અકસ્માતો સર્જાતા રહે છે. જેનાથી કેટલીય વખત રોડ સાઈડો બંધ થઈ જવાથી ટ્રાફીક જામની સમસ્યાનો ભોગ આમ લોકોને બનવું પડે છે.

# આંબલીવાસ શિહોરી પ્રાથમિક શાળાની વિદ્યાર્થિનીની છેડતી કરતા ચકચાર

### વાલીઓમાં ઉગ્ર રોષ, રોમીયોગીરી કરનાર આરોપી વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરાઈ

શિહોરી, તા. ૨૩

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરીથી દોઢ કિ.મી. દૂર આવેલ આંબલીવાસની પ્રાથમિક શાળામાં ભણતી વિદ્યાર્થિનીની એક યુવક દ્વારા પ્રાથમિક શાળામાં ભણતી ધો. ૫માં ભણતી વિદ્યાર્થિની લક્ષ્મણજી શામજીજી ઠાકોર (રહે. આંબલીવાસ) (ઉં.વ.૨૪) વાળાએ વિદ્યાર્થીની છેડતી કરી હતી. જેથી આંબલીવાસની છોકરી ભગાડવામાં મદદ તેમજ બાઈકચોરી અને રોમીયોગીરી કરવામાં વિકૃત માનશિકતાના કારણે પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયેલ છે. આ




છેડતી કરતાં વાલીઓમાં ઉગ્ર રોષ જોવા મળ્યો હતો. રોમીયોગીરી કરનાર આરોપી વિરૂદ્ધ શિહોરી પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ દાખલ કરાઈ. તદ્ઉપરાંત વાલીઓ દ્વારા શાળાબંધી કરાઈ હતી અને તાલુકા પંચાયત ખાતે લેખિત રજૂઆત કરાઈ હતી

પ્રાપ્ત વિગતો અનુસાર તા. ૨૨-૧૨-૨૦૧૬ના રોજ સાંજના ૫.૩૦ વાગ્યાના સુમારે શિહોરીથી દોઢ કિ.મી. દૂર આવેલ આંબલીવાસ ગભરાઈ ગયેલ વિદ્યાર્થીની રડતા રડતા ઘરે જઈને આ બનાવની જાણ તેના મા-બાપને કરતાં શિહોરી પોલીસ સ્ટેશન ખાતે તેના મા-બાપે ફરિયાદ દાખલ કરાવી હતી. પોલીસ સ્ટેશનની બહાર વાલી તેમજ સગાવ્હાલાના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા. એક આરોપીને જલદીથી પકડીને જેલના હવાલે કરાય તેવી માંગ કરી હતી. આરોપી વિરૂદ્ધ અગાઉ પણ ૨૦૧૫માં એમ.વી. વાલાણી હાઈસ્કૂલમાં છેડતી ત્યારબાદ ઘટના પ્રત્યાઘાત બીજા દિવસે જોવા મળ્યો હતો.

વાલીઓ દ્વારા આંબલીવાસની પ્રાથમિક શાળાની તાળાબંધી કરીને ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો અને ઉચ્ચ અધિકારીઓને લેખિત રજૂઆત કરાઈ હતી. ટી.પી.ઓ. કમલેશ દેસાઈ દ્વારા વાલીઓ સાથે ફોન પર વાતચીત કરીને વાલીઓને સમજાવવામાં આવ્યા હતા. અને શાળાના તાળા ખોલાવાયા હતા.

# ખોડંબા પાસે નવીનીકરણમાં અંડરબ્રિજ નહી મુકાતા રસ્તો બંધ

### ખેડૂતોમાં ભારે રોષ : ૧૫૦ ખેડૂતોની જમીનો બે ભાગમાં વહેંચાઈ ગઈ : અંડરપાસ નહીં બને તો ઉગ્ર આંદોલનની ચિમકી

મોડાસા તા.૨૩

અરવલ્લી જિલ્લામાં શામળાજી નજીક આવેલા ખોડંબા ગામે થઈ પસાર થતી રેલ્વે લાઈનનું બ્રોડગેજમાં નવિનીકરણ કરવાનું કામ રેલ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. પરંતુ આ કામમાં ગામના ૧૫૦થી વધુ ખેડૂતોને પોતાના ખેતરમાં જવા માટે રસ્તો બંધ થઈ જતા ખેડૂતો રોષે ભરાયા છે અને વિભાગ દ્વારા અંડરબ્રિજ બનાવી આપાવાની માંગણી સાથે રેલ વિભાગના ડેપ્યુટી ચીફ એન્જીનીયરને ઉગ્ર રજૂઆત કરી છે અને ન્યાય નહિ મળે તો ઉગ્ર આંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારી છે.



શામળાજી નજીક આવેલા ખોડંબા ગામની સીમમાંથી ઉદયપુર અમદાવાદ રેલ લાઈન વર્ષો પહેલા નાખવામાં આવી છે. આ મીટર ગેજ રેલ લાઈન નંખાઈ ત્યારે ગામના ૧૫૦ થી વધુ ખેડૂતોની ખેતીની જમીનો આ રેલ લાઈનમાં સંપાદન થતા બે ભાગ માં વહેચાઈ ગઈ છે. જેના કારણે ખેડૂતોને મોટું નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. એટલું જ નહિ પણ આ બે ભાગમાં વહેચાયેલી જમીનોમાં એક ભાગમાંથી પાણીની પાઈપ લાઈન બીજા ભાગમાં લઈ જવાની પણ મંજુરી રેલ વિભાગ ખેડૂતોને આપતું નથી જેના લીધે વર્ષોથી ખેડૂતો પારાવાર હાલાકી ભોગવી રહ્યા છે.

તાજેતરમાં આ રેલ લાઈનને બ્રોડગેજમાં ફેરવવાની કામગીરી હાથ ધરાઈ છે જેમાં વધુ એકવાર આ ખેડૂતોની જમીનો તો સંપાદન કરાઈ છે પરંતુ બે ભાગમાં વહેચાયેલા એક ખેતરમાંથી બીજા ભાગમાં આવેલા ખેતરમાં જવા માટેનો રસ્તો પણ બંધ કરી દેવામાં આવ્યો છે જેથી ખેડૂતો ને તેમની જમીન હોવા છતાં રસ્તાના અભાવે અડધી જમીન પડતર રહે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

આ અંગે ગામના સરપંચ ગીરીશભાઈ પટેલ, ભીખાભાઈ પટેલ તેમજ અરવલ્લી જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીએ આ ખેડૂતો માટે રેલ વિભાગ દ્વારા અંડરબ્રિજ માર્ગ બનાવી આપવા માટે ગુરુવારે ડુંગરપુર રાજસ્થાનથી રેલ વિભાગના ડેપ્યુટી ચીફ એન્જીનીયર રાજેશભાઈને બોલાવી રજૂઆત કરી હતી.

એટલું જ નહીં પરંતુ આ સ્થળે વિકલ્પે અંડર બ્રિજ માર્ગ કરી આપવા ઉગ્ર માંગ ઉઠાવવામાં આવી હતી. આમ છતાં જો રેલ તંત્ર આ માંગણી મુજબ અંડરબ્રિજ મૂકી નહિ આપે તો આગામી દિવસોમાં સમયમાં ન્યાય માટે ગાંધી ચિંધ્યા માર્ગે જઈ ઉગ્ર આંદોલન કરતા પણ અચકાઈશું નહિ તેમ પણ સરપંચે જણાવ્યું હતું.

# આજે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી બનાસકાંઠાની મુલાકાતે પધારશે

### સૂઈગામ તાલુકા નડાબેટ નજીક આંતરરાષ્ટ્રીય બોર્ડર પર મુખ્યમંત્રીના હસ્તે સીમાદર્શનનો પ્રારંભ થશે

પાલનપુર, તા. ૨૩

આજે તા. ૨૪ ડિસેમ્બરના રોજ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી બનાસકાંઠા જિલ્લાની મુલાકાતે પધારશે. આ પ્રસંગે સૂઈગામ તાલુકાના નડાબેટ નજીક આવેલ ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય બોર્ડર પર મુખ્યમંત્રીના હસ્તે સીમા દર્શનનો પ્રારંભ કરવામાં આવશે. પ્રવાસનને વેગ મળે અને લોકો આંતરરાષ્ટ્રીય સરહદને નિહાળી શકે સીમા દર્શન કાર્યક્રમનો યોજવામાં આવી રહ્યો છે. આ પ્રસંગે બોર્ડર વ્યુંઈગ સેન્ટરનું પણ મુખ્યમંત્રીના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવશે તેમજ કાર્યક્રમમાં શહિદોના પરિવારજનોનું સન્માન કરવામાં આવશે.

ગુજરાત પ્રવાસન નિગમ અને બી.એસ.એફ.ના સંયુક્ત ઉપક્રમે સીમા દર્શન કાર્યક્રમ યોજાશે. જે અંતર્ગત દર શનિવાર અને રવિવારે મુલાકાતીઓ આંતરરાષ્ટ્રીય બોર્ડરને નિહાળી શકશે. સામાન્ય રીતે ભારત અને પાકિસ્તાન સીમા ક્ષેત્ર પ્રતિબંધિત વિસ્તાર હોવાથી સામાન્ય નાગરિકો જઈ શકતા નથી પરંતુ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની આગવી પહેલના કારણે નાગરિકો હવે સીમા દર્શન કાર્યક્રમ અંતર્ગત દેશની સરહદોને જોઈ શકશે. ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય બોર્ડર પર સીમા દર્શન કાર્યક્રમ શરૂ થવાથી નાગરિકો બી.એસ.એફ. (બોર્ડર સિક્યુરીટી ફોર્સ) કાર્યપદ્ધતિથી માહિતગાર થશે. સીમા દર્શન કાર્યક્રમથી સરહદી બનાસકાંઠા જિલ્લો આર્થિક અને સામાજિક રીતે વધુ સક્ષમ બનશે તેમજ સમગ્ર વિશ્વના નકશામાં સૂઈગામની આગવી ઓળખ ઉભી થશે.

## પાલનપુરના જગાણા પાસે રેલવે ટ્રેનની અડફેટે વધુ ૧ યુવકનું મોત

પાલનપુર, તા.૨૩

પાલનપુર પંથકમાં આપઘાતનું પ્રમાણ ચિંતાજનક હદે વધી રહ્યું છે. તાજેતરમાં પાલનપુર અને જગાણાના યુવકના રેલવે ટ્રેનની અડફેટે મોત નીપજ્યા હોવાના સમાચારોની શાહી પણ સુકાઈ નથી. ત્યારે આજે વધુ એક આશાસ્પદ યુવકનું રેલવેની અડફેટે મોત નીપજતાં ચકચાર મચી જવા પામી છે.

પાટણ જિલ્લાના સંડેર ગામના વતની અને પાલનપુર-આબુ હાઈવે પર એગોલા રોડ પર આવેલા નક્ષત્ર બંગ્લોઝમાં રહેતો પીનલ અમરતભાઈ પટેલ શહેરના અમીર રોડ પર તુલસી ઈલેક્ટ્રોનિક નામની દુકાન ધરાવે છે. જેનું ગત રાત્રે જગાણા રેલવે ફાટક પાસે રેલવે ટ્રેનની અડફેટે આવી જતા અરેરાટીભર્યું મોત નીપજ્યું હતું.

રેલવે અકસ્માતમાં પિનલ અમરતભાઈ પટેલ નામના ૨૪ વર્ષીય યુવકનું મોત થતા અમીર રોડ પરના દુકાનદારો સહીત ઈલેક્ટ્રોનિકની બંધ પાળી શોક વ્યક્ત કર્યો હતો. પીનલના મોતના સમાચાર મળતા તેના પરિવારજનો સિવિલ હોસ્પિટલમાં દોડી આવ્યા હતા. જ્યાં તેવોનાં હૈયાફાટ રૂદનથી વાતાવરણ શોકમગ્ન બની ગયું હતું.

દરમિયાન પાલનપુર તાલુકા પોલીસે મૃતદેહને પી.એમ.માટે પાલનપુર સિવિલમાં ખસેડી અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે આ યુવકનું અપમૃત્યુ આપઘાત છે કે હત્યા કે પછી અકસ્માત તે દિશામાં પોલિસે તપાસનો દોર લંબાવ્યો છે. જો કે, છેલ્લા ૩ દિવસમાં રેલવે ટ્રેન નીચે કપાઈ મારવાનો આ ત્રીજો બનાવ બનતા ચકચાર મચી જવા પામી છે.

## પાલનપુરની નાની બજારની મહિલાનું વીજ કરંટથી મોત

પાલનપુર, તા.૨૩

પાલનપુરની નાની બજારમાં રહેતી ૨૩ વર્ષીય સલાતુનબેન જૂબેરભાઈ સલાટને વીજ કરંટ લાગતા સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબે તેણીને મૃત જાહેર કરી હતી. દરમિયાન પોલિસે મૃતક મહિલાના મૃતદેહને પી.એમ. માટે ખસેડી અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વિસનગરમાં વાહન વ્યવહાર નિગમના રમતોત્સવનો પ્રારંભ

મહેસાણા, તા.૨૩

મહેસાણા જિલ્લાની સાંકળચંદ પટેલ યુનિવર્સીટી કેમ્પસ વિસનગર ખાતે વાહન વ્યવહાર મંત્રી વલ્લભભાઈ કાકડીયાએ જી.એસ.આર.ટી.સીના ૨૯મા રમોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો.



નિગમના ૨૯મા રમતોત્સવના યજમાન તરીકે મહેસાણા એસ.ટી વિભાગ દ્વારા આયોજન કરાયું હતું. આ રમતોત્સવમાં ૧૮ વિભાગના ૩૯૭ ખેલાડીઓ દ્વારા વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. રમતોત્સવમાં ૩૩૪ ભાઈઓ અને ૬૩ મહિલાઓએ ભાગ લીધો હતો.

૨૯મા રમોત્સવમાં ૧૬ જેટલી વિવિધ રમતોનું આયોજન કરાયું છે. જેમાં આઉટ ડોર અને ઈન્ડોર ગેમનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં આઉટ ડોર ગેમમાં દોડ, ગોળા ફેંક, ચક્ર ફેંક, બરછી ફેંક, લાંબી કુદ, ઉંચી કુદ, કબડ્ડી, વોલીબોલનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઈન્ડોર ગેમમાં ચેસ, કેરમ, બેટમિન્ટન, અને ટેબલ ટેનીસનો સમાવેશ કરાયો છે. દ્વિદિવસીય ચાલનારા આ રમોત્સવમાં મહેસાણા, જુનાગઢ, વલસાડ, વડોદરા, સુરત, રાજકોટ, પાલનપુર, નડિયાદ, જામનગર, હિંમતનગર, ગોધરા, ભુજ, ભાવનગર, ભરૂચ, અમરેલી અને અમદાવાદનો સમાવેશ થાય છે.

વિસનગર સાંકળચંદ પટેલ યુનિ ખાતે ૨૯મા રમોત્સવનો પ્રારંભ કરાવતા વાહન વ્યવહાર મંત્રી વલ્લભભાઈ કાકડીયાએ જણાવ્યું હતું કે એસ.ટી.ના કર્મચારીઓ સૈનિકની જેમ રાત દિવસ કામ કરે છે. નોકરી સાથે સેવાનો અભિગમ ધરવાતા આ નિગમે ૨૦૧૩, ૨૦૧૪માં ભારત સરકાર તરફથી વિવિધ એવોર્ડ મેળવેલ છે. ૧૯ ડિસેમ્બરના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ઉદ્યોગ સાહસિકતા મંત્રાલય તરફથી નિગમને ૧ કરોડ ૨૦લાખ ૪૩હજાર ૭૬૮ રૂપિયાનો ચેક મળ્યો છે. નિગમને આજ દિન સુધી સેવા ક્ષેત્રે ૧૫૦ જેટલા એવોર્ડ મળ્યા છે.

કાર્યક્રમમાં ધ્વજારોહણ, માર્ચ પાસ્ટ, પ્રતિજ્ઞા વાંચન સહિતનું આયોજન કરાયું હતું. સ્વાગત પ્રવચન જનરલ મેનેજર એસ.કે.પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નિગમના કાર્યપાલક સંચાલક વિપુલ વિજોય, નિગમના ડિરેક્ટર સર્વેશ્રી વલ્લભભાઈ સંગાણી, દિનેશ અનાવાડીયા, ભરત આર્ય, પ્રાન્ત અધિકારી વી.જી.રોર, મુખ્ય કામદાર અધિકારી કે.ડી.દેસાઇ., વિભાગીય નિયામક એન.કે.પટેલ, સાંકળચંદ પટેલ યુનિ.ના અધિકારીઓ, કર્મચારીઓ, નિગમના કર્મચારીઓ, અધિકારીઓ, ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગંગાપુરા પાટિયા પાસે બાઈક અને ઈનોવા વચ્ચે અકસ્માત : ૨ ઘાયલ

પાલનપુર-આબુ હાઇવે પર ગંગાપુરાના પાટિયા પાસે વાહન અકસ્માત સર્જાયો હતો. બાઈક અને ઈનોવા વચ્ચે થયેલા આકસ્માતમાં (૧) મફાભાઇ વીરાભાઈ લોહ ઉંમર ૩૦ વર્ષ રહે. કરજોડા અને (૨) દલજીભાઈ વીરાભાઈ લોહ ઉંમર ૩૦ વર્ષ રહે. કરજોડા તા. પાલનપુરને ઇજા થઇ હતી. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

જયારે ધનીયાણા ચોકડી પાસે વધુ એક માર્ગ અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક અને અજાણ્યા વાહન વચ્ચે અકસ્માત થતા અર્જુન હર્ષદભાઈ રાઠોડ ઉંમર ૨૪ વર્ષ રહે. સૂરજપુરા તા. પાલનપુરને ઇજા થઇ હતી. જેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.




**બનાસકાંઠામાં હથિયારો જમા લેવાયા**

બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીના જાહેરનામાને ધ્યાને લઈ શિહોરી પોલીસ મથકમાં હથિયાર ધારકો પાસેથી હથિયારો જમા લેવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં કેટલાક પરવાનેદાર હથિયારો જમા કરાવી ગયા હતા. કાંકરેજની ૬૦ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ૧૧ ગ્રામ પંચાયતો સમરસ થઈ ગઈ છે. જ્યારે સંવેદનશીલ તથા અતિ સંવેદનશીલ ગામડાઓમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

## કડીની એમ.પી. શાહ મહિલા કોલેજને 'નેક પિયર' ટીમે હાયર 'બી' ગ્રેડ આપ્યો

મહેસાણા, તા. ૨૩

બેંગલોર સ્થિત નેક સંસ્થાની પિયર ટીમે તારીખ ૮ અને ૯મી ડિસેમ્બર-૨૦૧૬ના રોજ કડીની એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણીબેન એમ.પી. શાહ મહિલા આર્ટસ કોલેજની મુલાકાત લીધી હતી. જેમાં ચેયરપર્સન તરીકે ડૉ. સુધામાહિ રઘુનાથન, મેમ્બર કો-ઓર્ડિનેટર તરીકે પ્રો. પી. ગીયા તથા મેમ્બર તરીકે પ્રો. રવિકુમાર હતા. ટીમ દ્વારા બે દિવસ સુધી કોલેજનું વિવિધ માપદંડો અનુસાર સમગ્રલક્ષી મુલ્યાંકન કરવામાં આવ્યું હતું. નેક, બેંગલોરની આ વર્ષની ૨૦મી મિટિંગમાં પરિણામો જાહેર થતાં મહિલા કોલેજને દ્વિતીય મૂલ્યાંકન (સેકન્ડ સાયકલ)માં ૨.૪૮ સીજીપીએ સાથે હાયર 'બી' ગ્રેડ એનાયત થયો હતો. કોલેજની આ સિદ્ધિ માટે એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટીના હોદેદારશ્રીઓએ પ્રિ. ડૉ. હીનાબેન પટેલ તથા મહિલા કોલેજની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યો છે.

# હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિ.ના ૨૮મા યુવક મહોત્સવમાં સી.એન. આર્ટસ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજનો ઉત્કૃષ્ટ દેખાવ

પાટણ, તા. ૨૩

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. પાટણ ખાતે તા. ૧૪,૧૫,૧૬ ડિસેમ્બર-૨૦૧૬ દરમિયાન યુનિ.નો 'થનગનાટ' શીર્ષક હેઠળ યોજાયેલ યુવક મહોત્સવમાં એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી.એન. આર્ટસ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજના કુલ ૯ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પોસ્ટમેકીંગ, કોલાજ, સ્પોટ ફોટોગ્રાફી, વકૃત્વ સ્પર્ધા, હળવું કંઠ્ય સંગીત સમૂહગીત (ભારતીય) જેવી વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. કોલેજની વિદ્યાર્થીની કુ. વિરલ મહેશ્વરીની ટીમે રજુ કરેલ સમૂહગીત 'એકવાર કાન તમે રાધાને કહેજો' એ યુનિ. કક્ષાએ દ્વિતીય નંબર પ્રાપ્ત કરેલ છે.

પ્રિ. ડૉ. જી.ડી. ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ ટીમ મેનેજર ડૉ. જે.એમ. ચાવડા, પ્રો. પાલીબેન ગાંવિત તથા ડૉ. ચિરાગ ધંધુકીયાની સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

શેઠશ્રી નલીનભાઈ શાહ (મંત્રીશ્રી, એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી કડી) તથા પ્રિ. ડૉ.જી.ડી. ત્રિપાઠીએ ભાગ લેનાર સમગ્ર ટીમને ઉત્કૃષ્ટ દેખાવ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## પાલનપુરના સિમલાગેટનો બનાવ : પોલીસકર્મીએ રેંકડીધારકને માર માર્યો હોવાની રાવ

પાલનપુર શહેરમાં ટ્રાફિકની સમસ્યા વકરી રહી છે. ત્યારે ટ્રાફિક પોલીસે જાહેર માર્ગો પરના રેકડીવાળાઓ સામે લાલ આંખ કરી છે. ત્યારે આજે એક શાકભાજીના રેકડીવાળાને પોલીસકર્મીએ માર માર્યો હોવાની રાવ ઉઠી છે. પાલનપુરના સિમલાગેટ વિસ્તારમાં શાક ભાજીની રેંકડી ચલાવી ગુજરાન ચલાવતા કર્ણ ભાઈ મુકેશ ભાઈ પટણીનું માનીએ તો, આજે એક જમાદાર આવી કઈ સમજ્યા વગર લારી લઈ ઉભેલા લારી ધારક ને કોબીજનો દડો મારતા યુવક ફસડાઈ પડયો હતો. જો કે યુવકના આક્ષેપો છે કે, રોજના ૨૦૦ રૂપિયાનો હપ્તો આપવા છતાં ગાળો ખાવી પડે છે. જ્યારે પીડિતના પિતા એ જણાવ્યું હતું કે, અમે હપ્તો તો આપીએ છીએ પરંતુ હાલ મંદી ચાલે છે. એટલે હપ્તો આપવામાં લેટ થયા છીએ. જેથી મારો દીકરો પોલીસ અત્યાચારનો ભોગ બન્યો છે. જો કે આ યુવકે આ મામલે એસ.પી.ને રજુઆત કરવાની તજવીજ હાથ ધરી હોવાના અહેવાલ સાંપડયા છે.

## થરા રેફરલ હોસ્પિટલમાંથી બાઈક ચોરાયું

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા ખાતે આવેલ રેફરલ હોસ્પિટલ ખાતે નોકરી કરતા પ્રહલાદભાઈ હીરાલાલ રાજગોર (રહે. પાટણ)વાળા ગત તા. ૧૯-૧૨-૨૦૧૬ના રોજ તેમનું બાઈક જીજે.૨૪.એફ.૨૯૧૨ નંબરનું બાઈક લઈને પાટણથી થરા ખાતે નોકરી માટે આવેલ અને તેમણે તેમનું બાઈક પાર્કિંગ કરી ઓફિસમાં ગયેલા જ્યારે સાંજના સાડા સાતેક વાગ્યે સરકારી હોસ્પિટલના પાર્કીંગમાં પોતાનું બાઈક લેવા ગયેલ પરંતુ તેમનું બાઈક મળ્યું ન હતું. ત્યાર બાદ તેમણે બાઈકની શોધખોળ કરી હતી. એક બે દિવસે રાહ જોવા છતાં તેમનું બાઈક પાછુ ના મળતા થરા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી હતી.